# લોભ

ઘણા જૂના સમયની આ વાત છે. એક વણજારો એના એંસી ઊંટને ચરાવતો એક ઝાડ નીચે પોરો ખાતો બેઠો હતો. એવામાં એક સંત આવીને તેની બાજુમાં બેઠા ને બન્ને વાતે વળગ્યા. વાત કરતાં કરતાં વણજારાએ કહ્યું, ''મહારાજ, આપ તો જ્ઞાની છો, ચમત્કારી છો. મને કોઈ એવો રસ્તો બતાવોને કે કાયમી આ રઝળપાટ દૂર થાય !'' સંતે તેને સમજાવ્યો કે ભાઈ, તું અત્યારે જે રીતે મહેનતનો રોટલો રળી ખાય છે એના જેવી મજા બીજા કશામાં નથી, પણ વણજારાએ ફરી માગણી કરી. સંતે કહ્યું કે ધન બહુ ખરાબ વસ્તુ છે. એ થોડું મળે એટલે વધુનો લોભ થાય. તું નાહક તારી શાંતિની જિંદગીને બગાડવા બેઠો છે. વણજારો બોલ્યો, ''અરે! હું જરાય લોભ નહીં કરું. મને એવી કોઈ લાલચ છે જ નહીં. આ તો થોડું ધન મળી જાય તો ઘડપણમાં જરા શાંતિથી રોટલો મળે એટલી માગણી પૂરી કરો !'' ''સારું, તું કહે છે તો બતાવું. અહીં બાજુમાં જ એક ગુફામાં અઢળક સોનું, રૂપું ને હીરામાણેકના ભંડાર ભર્યા છે, પણ તું લઈ જઈશ કઈ રીતે ?''

''અરે, આ મારા એંસી ઊંટ શું કામના છે ? ભરી ભરીને તેના પર લાદી દઈશ.''

''પણ જો ભાઈ, આ બધું હું તને મફતમાં નહીં આપુ હો ! તારા આ એંસી ઊંટમાંથી ચાલીસ મારા !'' ''અહોહો, મહારાજ ! આટલું બધું આપવાનું ? પણ આપને શું કામ આવવાના આ ઊંટ?'' ''તો કંઈ નહીં, રહેવા દે ભાઈ. એમ કંઈ મફતમાં તો હું તને ધનભંડાર નહીં બતાવું.'' મહારાજ બોલ્યા.

''સારું બસ, આ ચાલીસ ઊંટ તમારા.'' વણજારાએ ન છૂટકે તેમની વાત માની. મહારાજે અગ્નિ પ્રગટાવી કંઈક મંત્રોચ્ચાર કર્યા તો ધુમાડાના ગોટેગોટા થયા. તે પછી એક ગુફાનો દરવાજો ખૂલ્યો. મહારાજની વાત સાચી હતી. અઢળક ધનનો ખજાનો ! વણજારાની તો આંખો ફાટી ગઈ. તે તો દંગ રહી ગયો. એ તો ઝપાટાબંધ ઉલેચાય એટલું ધન ઉલેચવા લાગ્યો. અંતે થાક્યો અને બધો ભાર ઊંટ પર લાદ્યો. મહારાજે પણ સારું એવું ધન પોતાના ઊંટ પર લાદ્યું. બંને ગુફાની બહાર નીકળ્યા ત્યારે મહારાજને કંઈક યાદ આવ્યું. તેમણે વણજારાને કહ્યું કે, ''મારા આ ઊંટોનું જરા ધ્યાન રાખજે, મારી એક ડબ્બી ગુફામાં રહી ગઈ તે લઈને આવું.''

મહારાજ બહાર આવ્યા ને બન્ને ચાલવા લાગ્યા. વણજારાના મનમાં હવે લોભની જ્વાળા ઊઠી. તેણે વિચાર્યું કે આ સાધુને હજુ સમજાવું તો મારા આ ચાલીસ ઊંટમાંથી થોડા પાછા લઈ શકાય. ઊંટ તો પાછા આવે સાથે તેના પર લાદેલો ખજાનો મારો થઈ જાય.

વણજારાએ મહારાજને સમજાવવા માંડ્યા, ''મહારાજ, આ ઊંટને સાચવવા એ કંઈ નાનીસૂની વાત નથી હો ! તમારે ભક્તિ કરવી અને આટલા બધા ઊંટો સાચવવા ! કેટલી બધી પળોજણ થશે. એમ કરો, દસ ઊંટ...ખાલી દસ ઊંટ મને આપી દો. મારે તો ચાલીસ જોડે દસ નભી જશે.'' મહારાજે થોડો વિચાર કરી તેને દસ ઊંટ આપી દીધા. થોડે આગળ ચાલ્યા એટલે એ રીતે બીજા દસ ઊંટો પણ

વણજારાએ માગી લીધા. પછી બીજા દસ અને છેવટે ચાલીસેચાલીસ ઊંટ વણજારાએ જાત જાતના કાલાવાલા કરીને માગી લીધા. મહારાજે તેને બધા ઊંટો પાછા આપતાં કહ્યું, ''ભાઈ, લોભને કદી થોભ નથી હોતો. તારા આ ધનનો જેટલો વધુ દાનમાં ઉપયોગ કરીશ એટલું તારા પાસે અનેક ગણું થઈને આવશે. સમજ્યોને? આ ઉપદેશ સાથે તને બધું આપું છું.'' પણ વણજારાના મનમાં કંઈક જુદું જ ચાલતું હતું. તેને થયું કે આટલી બધી સરળતાથી આ મહારાજે મને આપી દીધું તો પછી તેમની પાસે કંઈક એવું જરૂર હોવું જોઈએ જે આટલા બધા ધનથી વધારે કીમતી હશે, શું હશે એ? અચાનક યાદ આવ્યું, ડબ્બી....!



વણજારાએ ફરી પોતાની કાલાવાલા કરવાની કલા બતાવવાનું શરૂ કર્યું અને જાણી લીધું કે એ ડબ્બીમાં એક દૈવી અંજન છે. મહારાજે તેને સમજાવતાં કહ્યું, ''પણ આ અંજનની ખૂબી એ છે કે તે ડાબી આંખે આંજીએ તો પૃથ્વી પરના બધા જ ધનના ભંડારો દેખાય પણ જમણી આંખે આંજીએ તો તરત જ અંધાપો આવી જાય.''

''અહો....! તો લો મને ડાબી આંખે અંજન આંજી દો ને મહારાજ.'' – મહારાજે તેમ કર્યું.

અંજન આંખે લાગતા જ આંખ સામે ઝળહળતા ખજાનાઓ દેખાયા. અસંખ્ય હીરા, રત્નો, સોનું ને ઝવેરાત ! વણજારાએ તરત જ વિચાર્યું કે નક્કી આ જોગીડો ખોટું બોલે છે. એક જ અંજનની કંઈક બે આંખમાં જુદી જુદી અસર થાય એમ હોતું હશે ? એણે ખજાનો જોતાં જોતાં જ બૂમ પાડી, ''મહારાજ, જલદીથી મને બીજી આંખમાં પણ અંજન આંજી દો.''

''અરે, શું કહે છે ભાઈ ? તને મેં જે સમજાવ્યું હતું તે યાદ છે ને ?'' મહારાજે ચિંતિત થઈને પૂછ્યું.

''અરે, બધુંય યાદ છે. તમતમારે આંજો, મારી આંખો છે ને ! હું જવાબદાર, બસ.'' વણજારો સાધુને ખુલ્લા પાડવાના ઈરાદે બાલ્યે જતો હતો.

''ભાઈ, મારા હાથે આવું કામ ન કરાવો. આંખ વિના તમારું જીવન અંધકારમય થઈ જશે. રહેવા દો. જીદ ન કરો.''

''અરે, મેં કહ્યું ને કે હું જવાબદાર. આંજી દો, કહું છું!'' સાધુએ તે મુજબ કર્યું. થવાનું હતું તે થઈને રહ્યું. વણજારો અંધ થઈ ગયો. તેને રડતો મૂકી ખજાનો લાદેલા તેના એંસી ઊંટને દોરતા સાધુ ચાલવા લાગ્યા. જતાં જતાં કહેતા ગયા, ''ભાઈ, ધનને પચાવવાની તારી લાયકાત નથી એ તો મને ખબર હતી, પણ હવે સમજાયું કે તારામાં તો તારા એંસી ઊંટ સાચવવા જેટલીય યોગ્યતા નથી.

**– સંકલિત**